ઓક્ટોબર ૨૦૧૭

કિંમત ` ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## આવું મારી સાથે બને તો ?

**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૦, અંક : ૨
સળંગ અંક : ૧૧૦
**ઓક્ટોબર ૨૦૧૭**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# આવું મારી સાથે બને તો ?

## સંપાદકીય

બાળમિત્રો,

ઘણીવાર એવું બને છે કે આપણું કોઈ કાર્ય સામાને દુઃખ કે નુકશાન પહોંચાડી રહ્યું છે, એનો આપણને અંદાજ પણ નથી આવતો. કોઈ આપણને એ વિષે ટકોર કરે તો પણ આપણે એને હસીને બાજુ પર મૂકી દઈએ છીએ. કારણ કે આપણને એ બહુ મોટી વાત નથી લાગતી. જાણે બેફિકર થઈ જઈએ છીએ.

શું ક્યારેય વિચાર્યું છે કે આવું કેમ થાય છે ? શું આપણામાં હૃદય જીવતું નથી કે આપણે સામાના દુઃખને સમજી નથી શકતા ?

જો એવું કંઈ તમે અનુભવતા હો, તો આ અંક અવશ્ય વાંચજો. પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં કોઈ પણ જીવ પ્રત્યે અનુકંપા જાગૃત કરવાનો સીધો અને સરળ ઉપાય દર્શાવ્યો છે.

તો આવો, આ અંક વાંચીને આપણે માનવતા તરફ ડગલું માંડીએ...

-ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ

Happy Diwali


# જ્ઞાનીઓ કહે છે...



નીરુમા : આપણે જે કંઈ પણ કરીએ, એની અસર સામી વ્યક્તિને થતી હોય, તો તે વખતે આપણને ચોકક્સ વિચાર આવવો જોઈએ કે મારી સાથે આવું બને તો ? દા.ત. આપણે રસ્તામાં જતાં હોઈએ અને આપણને કોઈનું પાંચ હજાર રૂપિયાનું પાકીટ મળી ગયું, તો પાંચ હજાર જોતાની સાથે જ અંદર ખુશી થઈ જાય કે આટલા બધા મળી ગયા. એવું લાગે કે આજે લોટરી લાગી ગઈ. ખરેખર ત્યારે આપણને પહેલો વિચાર એ આવવો જોઈએ કે મારી સાથે એવું બને તો ? મારું જો ખોવાઈ જાય, તો મને શું થાય ? એવું અત્યારે જેનું ગયું હશે એને થતું હશે. આવો વિચાર આવે એ માનવધર્મમાં આવ્યો કહેવાય.

## માનવધર્મ કોને કહેવાય ?

તમે શેઠ હો અને નોકરને તમે ખૂબ વઢતા હો, તે ઘડીએ તમને વિચાર આવવો જોઈએ કે હું નોકર હોઉં તો શું થાય ? આટલો વિચાર આવે તો તમે એને પદ્ધતિસરનું કહેશો, વધારે નહીં કહો. તમે કોઈનું નુકસાન કરતા હો, તો તે ઘડીએ તમને એમ વિચાર આવે કે કોઈ મારું નુકસાન કરે તો શું થાય ?



એટલે પોતાને જે અનુકૂળ આવ્યું એવું જ બધા પ્રત્યે અનુકૂળ રાખવું જોઈએ કે મને દુઃખ થાય છે, તો એને દુઃખ કેમ ના થાય ? આપણું કોઈ ચોરી જાય તો આપણને દુઃખ થાય છે, તો કોઈનું ચોરી કરતી વખતે આપણને વિચાર આવવો જોઈએ કે ના, કોઈકને દુઃખ થાય એવું કેમ થાય ? પછી કોઈક આપણી સાથે જૂઠું બોલતો હોય તો આપણને દુઃખ થાય છે તો આપણે પણ એવું વિચારવું જોઈએ.

એટલે આપણને જે ના ગમતું હોય તે બીજાને આપવું નહીં.

# અનુભવનો ચમત્કાર



કંઈક પડવાનો અવાજ આવ્યો અને મમ્મી કિચનમાંથી બહાર આવ્યા, ‘‘ફરી તમારી બંનેની રીમોટની મગજમારી શરૂ થઈ ગઈ. એ જ ચેનલોની કચકચ.’’ મમ્મીએ ટી.વી. બંધ કરી દીધું અને નીચેથી તૂટેલું રીમોટ લઈને તેજસને હાથમાં આપ્યું, ‘‘હવે આ રીમોટ રીપેર કરાવી દેજે.’’ અને અંદર જતાં બોલ્યા, ‘‘ખબર નહીં ક્યારે તમારા બંનેની ચોઈસ એક થશે.’’

તેજસે પોતાના નાના ભાઈ ચિરાગ સામે મોટી આંખો કરી. દાંત ભીંસીને એને દબડાવીને કહ્યું, ‘‘જોઈ લે, શું મળ્યું ? મારી વાત ના માની તો ટી.વી. જ બંધ થઈ ગયું ને. ચૂપચાપ ગેમ ચાલવા દીધી હોત તો ? સ્ટુપીડ.’’

રડું રડું થઈ રહેલો ચિરાગ માંડ અવાજ કાઢીને બોલ્યો, ‘‘પણ ભાઈ, તને ખબર છે ને કે એ ગેમમાં મને કશી ખબર નથી પડતી. મને તો કાર્ટૂન ચેનલ જોવાની જ ગમે છે.’’

તેજસે ચિરાગના માથા પર એક ટપલી મારી અને બોલ્યો, ‘‘આ કાર્ટૂન જોઈ જોઈને તું યે કાર્ટૂન જ થઈ ગયો છે. મૂરખના મૂરખ જ રહેવું છે કે મારી જેમ સ્માર્ટ બનવું છે ?’’

ત્યાં તો તેજસનો ફોન રણક્યો...

‘‘હા યાર, આવું છું. નથી ભૂલી ગયો પ્લાન. બીજા બધા આવી ગયા ? ઓકે, સી યુ’’ તેજસે ફોન પર વાત પતાવી અને ચિરાગને કહ્યું, ‘‘જોયું, મારી કોલેજમાં હું કેટલો ફેમસ છું.’’

નરમ અવાજે ચિરાગે પૂછ્યું, ‘‘ભાઈ, મને તારી સાથે લઈ જઈશ ? પ્લીઝ!’’

તેજસે ઘસીને ‘‘ના’’ પાડી, ‘‘તને લઈ જઈને મારા ફ્રેન્ડ્સ સામે મારી ફજેત કરાવું ? ફરગેટ ઈટ’’ અને તેજસ બહાર નીકળી ગયો.

ચિરાગને ડૂમો ભરાઈ ગયો અને એ દોડીને એના રૂમમાં જતો રહ્યો. મમ્મી એની પાછળ ગયા.

‘‘શું થયું મારા રાજા બેટાને ?’’ મમ્મીએ ચિરાગના માથે હાથ ફેરવ્યો.

ચિરાગે મમ્મીના ખોળામાં માથું ઢાળ્યું અને રડી પડ્યો, ‘‘મમ્મી, હું ભાઈ કરતાં નાનો છું, એમાં મારો શો વાંક ? એ મોટો છે એટલે એ વધારે સમજે. પણ ક્યારેક તો એ પણ મારા જેટલો હતો ને ?’’

મમ્મીએ ચિરાગને પાણી પાયું. પછી એના હાથ પોતાના હાથમાં લઈને બોલી, ‘‘હા બેટા, અને એક દિવસ તું પણ ભાઈ જેટલો મોટો બની જઈશ.’’

“પણ જ્યારે અમે કશું સાથે કરીએ, ત્યારે એ કાયમ દાદાગીરી કરે છે. મારે હંમેશાં એની વાત માનવી પડે છે. હું ગમે તેટલો મોટો થઈશ પણ એનાથી તો હંમેશાં નાનો જ રહેવાનો ને ?” રડમસ અવાજમાં ચિરાગે ફરિયાદ ચાલુ જ રાખી, “તો મારે કાયમ એનું બોસીઝમ સહન કરવાનું ?”

મમ્મી ચિરાગને શાંત પાડતાં બોલ્યા, “બેટા ! એ તારો મોટો ભાઈ છે. તને પ્રેમ પણ એટલો જ કરે છે. તારા વગર એને જરાય ગમતું નથી. અરે, થોડી ઘણી મસ્તીને દાદાગીરી સમજી ઉદાસ નહીં થવાનું. મોટા થઈને બહારની દુનિયાનો સામનો કરવામાં આ જ બધા અનુભવ કામ લાગશે.” પોતાની સાડીના છેડાથી મમ્મીએ ચિરાગનું મોઢું લૂછ્યું, “તો ચાલ હવે, જમી લઈએ ? ચીયર અપ.”

જમતાં જમતાં પણ ચિરાગને એક જ વિચાર આવતો હતો, “મમ્મી મારી વાતને નહીં સમજી શકે, કોઈ નહીં સમજી શકે.”

રાત પડી અને એ એના રૂમમાં ગયો. બાલ્કનીમાં જઈને તારાઓ તરફ જોવા લાગ્યો, “જ્યારથી સમજણો થયો છું ત્યારથી એક દિવસ પણ એવો નથી ગયો કે ભાઈએ મારી મશ્કરી ના કરી હોય”

ત્યાં તો એણે ખરતો તારો જોયો. ટેવ પ્રમાણે, “શું વીશ કરું,” એમ વિચારવા લાગ્યો.

તેજસ ક્યારે એની પાછળ આવીને ઊભો રહી ગયો એનો એને ખ્યાલ પણ ના આવ્યો. આંખો મીંચીને ચિરાગ કંઈક બોલી રહ્યો હતો. તેજસે કાન નજીક કર્યા.

“આઈ વિશ, ભાઈ નાનો બની જાય, અને હું મોટો બની જાઉં. તો મારી બધી તકલીફો દૂર થઈ જાય...”

તેજસ જોરથી હસ્યો અને ચિરાગ ભડકી ગયો. પાછળ મોટાભાઈને જોઈને એ ચોંકી ગયો. મોઢું ફૂલાવીને એ પોતાના પલંગમાં જઈને સૂઈ ગયો.

તેજસે પણ પોતાના પલંગ પર લંબાવ્યું. ચિરાગ સામે નજર કરીને હસી પડ્યો, “સ્ટુપીડ, હજુ પણ કેવી વાતો પર વિશ્વાસ કરે છે.” અને હસતાં હસતાં ક્યારે ઊંઘ આવી ગઈ એની ખબર પણ ના રહી.

સવાર પડી... તેજસના મોબાઈલમાં જોગીંગ પર જવા માટેનો એલાર્મ વાગ્યો. એલાર્મ બંધ કરવા એણે એની ડાબી બાજુના ટેબલ પર બંધ આંખે જ હાથ લંબાવ્યો. હાથ હવામાં લટકી ગયો. આંખો ખોલીને જોયું તો ત્યાં ન મોબાઈલ હતો કે ન ટેબલ.



તેજસ ફટાક કરતો બેઠો થયો. એણે આજુબાજુ નજર ફેરવી. જોયું તો ટેબલ જમણી બાજુએ હતું. અરે... એ તો ચિરાગના પલંગ પર સૂતો હતો. અને એના પલંગ પર ચિરાગ સૂતેલો હતો. એણે વિચાર્યું, “મને બરાબર યાદ છે કે રાત્રે હું મારા જ પલંગ પર સૂતો હતો. અને ચિરાગ તો કદી મારા પલંગ પર સૂવાની હિંમત જ ના કરે.” એલાર્મની ઘંટડી ચાલુ જ હતી. જોયું તો એ ચિરાગની પાસેના ટેબલ પર પડેલા મોબાઈલમાં વાગતી હતી.

તેજસે મોબાઈલ હાથમાં લીધો. પણ, આ શું ? એના મોબાઈલના વોલ પેપર પર ચિરાગનો ફોટો. એણે આંખો ચોળીને ફરી જોયું.

તોયે એ જ દેખાયું. કંઈ સમજ નહોતી પડી રહી. બાથરૂમ જવા પલંગ પરથી નીચે ઉતર્યો તો એને એના પગ નાના અને ટૂંકા લાગ્યા. અરે, હાથ પણ નાના અને ટૂંકા ફિલ થતા હતા. મોઢા પર હાથ મૂક્યો તો મૂછનો એકેય વાળ ન હતો.

અચાનક તેજસને કંઈક યાદ આવ્યું. મનમાં એક અવાજ ગૂંજ્યો અને એ ફફડી ગયો. ‘‘આઈ વીશ, ભાઈ નાનો બની જાય, અને હું મોટો બની જાઉં. તો મારી બધી તકલીફો દૂર થઈ જાય.’’

અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈને તેજસ ડઘાઈ ગયો. એણે જોરથી બૂમ પાડી, ‘‘એ ચિરાગ્યા...! ઊઠ !’’

બૂમ સાંભળીને મમ્મી આવ્યા, ‘‘શું થયું તેજસ દીકરા ? અને આ તે કંઈ મોટા ભાઈને બોલાવવાની રીત છે ?’’

આ સાંભળીને તેજસે પોતાના કાન ખંજવાળ્યા. ચિરાગ ધૂંઆપૂંઆ થતો ઊઠ્યો. ચિરાગને જોઈને તેજસની આંખો પહોળી થઈ ગઈ. પોતાની આંખો પર એને વિશ્વાસ ના થયો. એક રાતમાં બધું ઊંધું થઈ ગયું. ? એ બબડવા લાગ્યો, ‘‘મમ્મી, આ ચિરાગ્યો છે ? આટલો લાંબો ?’’ તેજસને જાણે ચક્કર આવવા લાગ્યા.

‘‘શું બબડે છે તેજસ ? ચાલો, બંને જલદીથી ફ્રેશ થઈ જાઓ, બ્રેક ફાસ્ટ રેડી થાય છે’’, એમ કહી



મમ્મી ચાલી ગયા.

તેજસના હાથમાંથી ચિરાગે મોબાઈલ ઝૂંટવી લીધો અને ગુસ્સામાં બોલ્યો, ''મારા મોબાઈલને હાથ કેવી રીતે લગાવ્યો તેં હં ? અને સવાર સવારમાં શેની બૂમો છે ? સ્ટુપીડ. ચાલ બંને બેડ સરખા કરી દેજે. હું જોગીંગ કરવા જાઉં છું.''

તેજસનો આઘાત શમ્યો નહોતો પણ હવે પરિસ્થિતિને સ્વીકારવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો, એની એને ખાતરી થઈ ગઈ. નાના હાથ વડે બે બેડ સરખા કરતાં બહુ વાર લાગી. એ આઘાતમાં તો હતો જ, પણ સાથે સાથે એને દુઃખ અને શરમની લાગણીઓ પણ થઈ રહી હતી. માંડ કામ પતાવીને એ બાથરૂમમાં જવા ગયો ત્યાં તો અચાનક ચિરાગ આવી અંદર ઘુસી ગયો અને તેજસના મોઢા પર દરવાજો ધડામથી બંધ થયો. અંદરથી ''સ્ટુપીડ'' અને અટ્ટ હાસ્ય સંભળાયું. આ વાત કંઈ નવી ન હતી. રોજનો ક્રમ જ હતો. બસ, આજે તેજસ દરવાજાની બીજી તરફ હતો.

તેજસની આંખોમાંથી આંસુ ઊભરાઈ ગયા. આજે અરીસામાં એને પોતાનું સાચું રૂપ દેખાયું. પણ પોતાનો કદરૂપો ચહેરો એ સહન ના કરી શક્યો. બે હાથોમાં મોઢું સંતાડીને બોલ્યો, ''મને માફ કરી દે ભાઈ. મેં તો ક્યારેય વિચાર્યું જ નહીં કે મારા વર્તનથી તને કેટલું દુઃખ થતું હશે. પ્લીઝ, મને માફ કરી દે, ચિરાગ.'' આજે પોતે આપેલા દુઃખોનો કડવો સ્વાદ ચાખીને તેજસનું હૃદય પસ્તાવાથી રડી ઊઠ્યું.

''શું થયું ભાઈ ? તું મજામાં છે ને ?'' ચિરાગે એના નાનકડા હાથોથી તેજસને ઢંઢોળ્યો.

તેજસે મોઢા પરથી હાથ હટાવ્યો, તો નાનકડો ચિરાગ એની સામે ઉભો હતો.

**''આઈ વીશ, ભાઈ નાનો બની જાય, અને હું મોટો બની જાઉં. તો મારી બધી તકલીફો દૂર થઈ જાય.''**

''ભાઈ, તું ઊંઘમાં શું બોલી રહ્યો છે ? કોઈ ભયાનક સપનું જોયું ? અરે, તારી તો આંખોય ભીની છે !''

તેજસ ફટાક દઈને બેઠો થયો અને આજુબાજુ નજર ફેરવી. ''હા, ચિરાગ, સપનું જ હતું. પણ સપનાએ તો મારી આંખો ખોલી નાખી.''

ચિરાગે તેજસને પાણીનો ગ્લાસ હાથમાં આપ્યો, ''શું બોલે છે, ભાઈ ?''

તેજસે બે ઘૂંટડા પાણી પીધું અને ચિરાગના માથે પ્રેમથી હાથ ફેરવીને કહ્યું, ''બસ, કશું નહીં. ચાલ, મારી સાથે જોગીંગ કરવા આવીશ ?''

તેજસનો પ્રેમ જોઈને ચિરાગના ઉત્સાહનો પાર ના રહ્યો, ''ખરેખર, ભાઈ ? ઓકે, હું જલદીથી બેડ સરખા કરી લઉં...''

ચિરાગનું વાક્ય પૂરું થાય એ પહેલાં તો તેજસે ફટાફટ બેડ સરખા કરવા માંડ્યા. ચિરાગ તો જોતો જ રહી ગયો. ત્યાં તો મમ્મીની બૂમ સંભળાઈ, ''ઊઠી ગયા તેજસ - ચિરાગ ? ચાલો, બંને જલદીથી ફ્રેશ થઈ જાઓ, બ્રેક ફાસ્ટ રેડી થાય છે.''

જોગીંગ પર બંનેને સાથે નીકળતા જોઈને મમ્મીની આંખમાં પણ ચમક આવી ગઈ.

''ચિરાગ, આજે હું તને મારા ફ્રેન્ડ્ઝને મળાવીશ. પછી આપણે મૂવી જોવા જઈશું...તારું ફેવરીટ કાર્ટૂન મૂવી... નવું કુન્ફુ પાંડા. અને પછી તું અને હું અને પછી....'' બંનેની વાતો આછી આછી સંભળાઈ રહી હતી.

# સહજ ક્ષમા



અમે તમને જે ઈ-મેઈલ મોકલાવ્યો હતો એમાં બધી જ વિગત હતી.
પણ, મને તમારો કોઈ ઈ-મેઈલ મળ્યો જ નથી.


આચાર્ય સરે સુનીલ સામે નજર કરી. સુનીલની દશા કાપો તો લોહી ના નીકળે એવી બની ગઈ. સુનીલનો ચહેરો જોઈને સર તરત સમજી ગયા.



સોરી, મિસ્ટર વોરા. અમારી ભૂલ છે. હમણાં જ તમને બધી વિગતો મોકલાવી દઈએ.
એમ કહી આચાર્ય સર અને મિ. વોરા કોન્ફરસ રૂમની બહાર નીકળ્યા.
સુનીલના પસ્તાવાનો પાર ના રહ્યો. એણે ટેબલ પર માથું ઢાળ્યું.
હું આટલો બેદરકાર કેવી રીતે બની શકું ? આટલો ઈમ્પોર્ટન્ટ ઈ-મેઈલ કરવાનું હું કેવી રીતે ભૂલી ગયો ?
ત્યાં તો વિહા રૂમમાં આવી,
સુનીલ, આચાર્ય સર તમને કેબીનમાં બોલાવે છે.
પતી ગયું, આજે તો મારી નોકરી ગઈ.
સુનીલે આચાર્ય સરની કેબીન પર નોક કર્યું.



કમ ઈન, સુનીલ. બેસ. જો, આપણે આ અઠવાડિયામાં બહુ બધા કામ પતાવવાના છે. તું તૈયાર છે ને ?
એમ કહી સરે સુનીલને બધા કામ સમજાવ્યા, સુનીલ તો સરને જોતો જ રહી ગયો.
સુનીલથી રહેવાયું નહીં.
સર, આઈ એમ વેરી સોરી કે હું મિસ્ટર વોરાને ઈ-મેઈલ મોકલવાનું ભૂલી ગયો.
આ શું ? મારી આટલી મોટી ભૂલનો ઉલ્લેખ પણ નહીં ? આટલી મોટી ભૂલ કરી છતાંય સર મારા પર વિશ્વાસ મૂકીને મને આટલું અગત્યનું કામ સોંપે છે ?
કશો વાંધો નહી સુનીલ. આટલા બધા કામોમાં ભૂલાઈ ગયું હશે. મને ખબર છે કે તું એક જવાબદાર વ્યક્તિ છે અને ફરી ક્યારેય તું આવી ભૂલ નહીં થવા દે.
સરના આવા શબ્દો સાંભળીને સુનીલને એક ગજબની ઠંડક થઈ.
પણ સર, મારી ભૂલની છાપ પણ તમારા ચહેરા પર નથી દેખાતી, એ કેવી રીતે શક્ય છે ?



વીસ વર્ષ પહેલાંની એક વાત છે. તે દિવસે હું ઓફિસેથી વહેલો ઘરે ગયો હતો. અચાનક, કમોસમ વરસાદ પડવા લાગ્યો. બારીની બહાર નજર કરી તો મને મારો અગિયાર વર્ષનો દીકરો શિવ, વરસાદના પાણીમાં ભીંજાતો ઠૂંઠવાતો ઘર તરફ આવતો દેખાયો. મેં દરવાજો ખોલ્યો, શિવે મને એક મીઠી સ્માઈલ આપી.
ડેડી, તમે ઘરે વહેલાં આવી ગયા ?
હા, દીકરા. પણ આ શું ? તું તો કેટલો બધો ભીંજાઈ ગયો છે. સાઈકલ લઈને ગયો હોત તો આટલો ભીંજાઈ ના જાત.
હા ડેડી. ખબર છે.
બેટા, જો તને ખબર છે તો તું સાઈકલ લઈને કેમ નથી જતો ? ટાઈમ વેસ્ટ કેમ કરે છે ?
શિવે મારી સામે એક નજર કરી અને મને તરત યાદ આવ્યું કે ઘણા વખતથી એણે મને એની સાઈકલનું પંક્ચર ઠીક કરાવવા કહ્યું હતું. એ વાત મારાથી સાવ ભૂલાઈ ગઈ હતી.


શિવનું ઠૂંઠવાતું શરીર જોઈને મારી શરમનો પાર ના રહ્યો. એ મને કહી શકતો હતો કે, "ડેડી, તમારા કારણે હું સાયકલ ના લઈ જઈ શક્યો અને મારે ભીંજાઈને આવવું પડ્યું. પણ સુનીલ, તે વખતે શિવે મને જે શબ્દો કહ્યા તે મને સ્પર્શી ગયા."
ઓ ડેડી, મને ખબર છે કે તમે કેટલા બીઝી છો. એટલે મારે તમને વધુ હેરાન નહોતા કરવા. અને મને તો વરસાદમાં પલળવાની મજા આવે છે.
તે દિવસે મને સમજાયું, કે મારા દીકરાએ જ્યારે મારી ભૂલને સહેલાઈથી માફ કરી દીધી, ત્યારે મને કેટલી શાંતિ થઈ. તો એવી જ રીતે, હું પણ જો સામાની ભૂલને સહજ માફી આપી દઉં, તો સામાને કેટલી ઠંડક વળે !
સુનીલને પોતાના પ્રશ્નનો જવાબ મળ્યો અને સાથે સાથે જીવનનો એક મોટો પાઠ પણ.

ચાલો શોધીએ નીચેની વસ્તુઓને બાજુંના ખાનામાંથી અને તેના પર રાઉન્ડ કરીએ.





# ઐતિહાસિક ગૌરવગાથા

શીતલ નામનો એક રાજકુમાર હતો. ગુરુ ભગવંતની આધ્યાત્મિક વાણી સાંભળીને તેનો સંસારી ભાવ ઓસરી ગયો. તેણે ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી. સાધુપણામાં શીતલમુનિએ ખૂબ તપ-સાધના કર્યા અને અનુક્રમે શીતલાચાર્ય બન્યા.

શીતલાચાર્યને ગુણવતી નામની એક સંસારી બહેન હતી. ગુણવતી પોતાના ચારેય પુત્રોને મામા જેવા તપસ્વી બનવાની સલાહ આપતી. ઉંમરલાયક બનતાં ચારેય પુત્રોએ એક વિદ્વાન ગુરુ પાસે દીક્ષા લીધી. એક દિવસ, ગુરુની આજ્ઞા લઈને ચારેય, મામા મહારાજને વંદન કરવા નીકળ્યા.

મામા મહારાજ શીતલાચાર્ય જે ગામમાં હતા, તે ગામના પાદરે તેઓ આવી પહોંચ્યા. રાત થવા આવી હતી એટલે તેઓ ગામની બહાર ક્યાંક રોકાયા અને શીતલાચાર્યને સંદેશો મોકલાવ્યો, ''તમારી સંસારી બહેનના પુત્રો દીક્ષિત થઈને આપને વંદન કરવા આવ્યા છે. પરંતુ રાત થવાથી, તેમણે ગામમાં પ્રવેશ કર્યો નથી.''

આ સમાચાર સાંભળીને, શીતલાચાર્યના મનમાં એમના પ્રત્યે પુત્રપ્રેમ ઉત્પન્ન થયો. એ રાત્રે, ચારેય ભાણેજ-મુનિઓને શુભ ધ્યાન કરતાં કેવળજ્ઞાન થયું. સવાર થઈ. સમય થઈ ગયો, છતાંય ભાણેજ સાધુઓ આવ્યા નહીં. તેથી શીતલાચાર્ય પોતે જ તેમને મળવા ગયા. ભાણેજ સાધુઓએ મામા મહારાજને આવેલા જોયા પરંતુ તેમનું સ્વાગત ના કર્યું. શીતલાચાર્યને અકળામણ થઈ. એમણે રોષથી પૂછ્યું, ''પ્રથમ કોને વંદન કરું ?'' એકે કહ્યું, ''જેવી તમારી ઈચ્છા.''

આ જવાબથી શીતલાચાર્યને ખોટું લાગ્યું. મનમાં ગુસ્સો પણ આવ્યો, ''કેવા અવિનયી અને ઉદ્ધત છે આ બધા. એક તો મારો વિનય ના સાચવ્યો અને ઉપરથી કહે છે, જેવી તમારી ઈચ્છા.'' તેમ છતાંય એમણે રોષથી ચારેયને વંદન કર્યું. એક ભાણેજ, જે હવે કેવળી ભગવંત બની ચૂક્યા હતા, તેઓ બોલ્યા, ''તમે ફક્ત હાથ જોડીને દ્રવ્યવંદન કર્યા છે. પણ, તમે ભાવ બગાડીને વંદન કર્યા છે એટલે તમારા કષાયમાં વધારો થયો છે. હવે, તમે ભાવથી વંદન કરો.''

શીતલાચાર્યે તરત જ કહ્યું, ''મેં ફક્ત હાથ જોડીને દ્રવ્યવંદન કર્યા છે અને ભાવ બગાડ્યા છે, એમ તમે શી રીતે જાણ્યું ? મારા કષાયોમાં વધારો થયો છે એવું તમે કયા આધારે કહી શકો ? શું તમને કેવળજ્ઞાન થયું છે ?'' કેવળી ભગવંતે ''હા'' કહી.

આ જાણી આચાર્યનું અંતર પસ્તાવાથી રડી ઊઠ્યું, ''અરેરે, મેં કેવળી ભગવંતો પ્રત્યે ભાવ બગાડ્યો ! આ મેં કેવી ભયંકર ભૂલ કરી.'' ખૂબ દિલથી તેમણે ચારેય ભગવંતોને ભાવવંદન કર્યા, અને પોતાની ભૂલમાંથી પાછા ફર્યા. ભાવવંદન અને પસ્તાવાના બળથી તેઓએ આંતરિક વિકાસ કર્યો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.





# જીવંત ઉદાહરણ

1

## મધર ટેરેસાના એક અનુભવનું વર્ણન

એક રાત્રે એક વ્યક્તિ **મધર ટેરેસા** ના ઘરે ગયો અને કહ્યું, “એક પરિવારને આઠ બાળકો છે. ઘણાં દિવસોથી તેઓ ભૂખ્યા છે.” મધર ટેરેસા એમના ઘરે ખાવાનું લઈને ગયા. એ પરિવારના ચહેરાઓ પર કોઈ દુઃખ કે નિરાશા નહોતી, પણ ભૂખનું દર્દ હતું.

મધર ટેરેસાએ બાળકોની માતાને ભાત આપ્યો. માતાએ ભાતને બે ભાગમાં વહેંચી દીધો અને એક ભાગ લઈને બહાર ગઈ. જ્યારે એ પાછી ફરી, ત્યારે મધર ટેરેસાએ એમને પૂછ્યું, “ક્યાં ગયા હતા ?” એ બહેને જવાબ આપ્યો, “મારા પાડોશીને ત્યાં. એ પણ ભૂખ્યા છે.”

આ પ્રસંગની નોંધ કરતાં મધર ટેરેસાએ પોતાની ડાયરીમાં લખ્યું, “મને એ વાતની નવાઈ ના લાગી કે એ બહેને પોતાના ભાગનું ખાવાનું બીજાને આપ્યું. ગરીબો ઘણાં ઉદાર હોય છે. પણ મને એ વાતની નવાઈ લાગી, કે એ બહેનને ખબર હતી કે એમના પાડોશી પણ ભૂખ્યા છે. જ્યારે કોઈ પોતે દુઃખી હોય ત્યારે એ પોતાના દુઃખમાં જ એવો ખોવાયેલો રહે, કે એ બીજાના દુઃખનો વિચાર પણ ના કરે.” અને આમ, માનવતાની મૂર્તિ સમાન મધર ટેરેસાએ તે દિવસે એક ગરીબનું માનવતાનું ધન પારખીને, મનોમન એમની પ્રશંસા કરી.

## 2 જોશ ફેરીન

અમેરિકાના યુહાટ સ્ટેટના જોશ ફેરીન નામના એક વ્યકિતએ પોતાનું પહેલું ઘર ખરીદ્યું. ઘરમાં બધો સામાન મૂકતાં પહેલાં તેઓ પોતાની પત્નીને લઈને નવા ઘરે ગયા. ઘરના ગેરેજમાં એમણે એક જગ્યાએ એક કપડું લટકતું જોયું. એમને જીજ્ઞાસા થઈ અને એ કપડું ખેંચ્યું.

જોયું તો, ત્યાં માળિયું હતું. જોશે માળિયાની અંદર ડોકિયું કર્યું તો ત્યાં જૂના જમાનાની પિત્તળની પેટીઓ પડી હતી. પેટીઓ ખોલી તો એના આશ્ચર્યનો પાર ના રહ્યો. પેટીઓની અંદર લગભગ ચાલીસ હજાર ડોલરની રકમ હતી. જોશ ફેરીનને ખ્યાલ હતો કે ઘરના મૂળ માલિકનું મૃત્યુ થોડા વખત પહેલાં જ થયું હતું. એમણે ઘર માલિકના દીકરાનો સંપર્ક કર્યો અને બધી વાત કરી.

જોશ ફેરીને ઘર માલિકના દીકરાને કહ્યું, ‘‘હું એક ફાધર છું અને મને મારા બાળકોના ભવિષ્યની ફિકર છે. એટલે હું સમજી શકું છું કે તમારા પિતાજીએ આ ધન, તમારી મુશ્કેલીના સમય માટે બચાવી રાખ્યું હશે. આજે, એમના જીવનનું આ અધૂરું કામ પૂરું કરવાની તક મને મળી છે.’’ એમ કરી, જોશે બધી જ રકમ ઘર માલિકના દીકરાને સોંપી દીધી. બીજા પિતાની જગ્યા પર આવીને જોશે વિચાર્યું અને તેથી જ એક ક્ષણ માટે પણ એમને એ રકમ રાખી લેવાનું પ્રલોભન ના થયું.

# અને છેલ્લે છેલ્લે...

એક દિવસ એક વ્યક્તિ પોતાના ઘરના બગીચાની બહાર બોર્ડ લગાવી રહ્યો હતો, ‘‘પપીસ (કુરકુરિયા) ફોર સેલ’’ ત્યાં તો એક નાના બાળકે આવીને એને પૂછ્યું, ‘‘મારી પાસે આટલા પૈસા છે. મને એક કુરકુરિયું મળશે ?’’

‘‘હા, હા, કેમ નહીં ?’’ કહીને વ્યક્તિએ બૂમ પાડી, ‘‘ડોલી, ડોલી...’’ મમ્મી પોતાના કુરકુરિયાઓ લઈને બહાર દોડી આવી. આ જોઈને બાળકની આંખોમાં ચમક આવી ગઈ.થોડીવાર રહીને, એક નાનકડું કુરકુરિયું નીકળ્યું. એ બધા કરતાં અલગ દેખાતું હતું. એના પગમાં ખામી હતી અને એને ચાલતા નહોતું ફાવતું.

બાળકે એ કુરકુરિયા તરફ ઈશારો કરીને કહ્યું, ‘‘સર, મને પેલું કુરકુરિયું જોઈએ.’’ વ્યક્તિએ હસીને કહ્યું, ‘‘બેટા, એ કુરકુરિયાને લઈને શું કરીશ ? તું તો ક્યારેય એની સાથે રમી પણ નહીં શકે.’’

બાળકે ધીમે રહીને એના એક પગનું પેન્ટ ઊંચું કર્યું અને સ્ટીલના રોડ સાથે જોડાયેલા બૂટને દેખાડ્યો, ‘‘સર, રમી તો હું પણ નથી શકતો. એટલે જ, હું એને બરાબર સમજી શકીશ.’’

# મીઠી યાદેં



યુ.કે. માં સત્સંગ હતો. હોલમાં લગભગ ૪૦૦-૫૦૦ માણસ બેઠેલા. નીરુમાએ હોલમાં પહોંચીને સીમંધર સ્વામી અને દાદાના ફોટાને ફૂલ-હાર ચડાવ્યા અને પોતાની ખુરશીમાં આવીને બેઠાં. નીરુમા સત્સંગ શરૂ કરવા માટે તૈયાર હતા.

પણ બીજી બાજુ કેમેરાનું સેટિંગ ચાલતું હતું. સત્સંગનો લાઈવ રીલે કરવાનો હતો. જે ભાઈ કેમેરાનું સેટિંગ કરી રહ્યા હતા તે નવા હતા અને પહેલી જ વાર આ કામ કરી રહ્યા હતા. કામ બહુ ધીમે ચાલી રહ્યું હતું. સમયનું મહત્વ સમજીને બીજા ભાઈએ આવીને કેમેરા સેટિંગનું કામ ઉપાડી લીધું અને પતાવી દીધું.

એ રાત્રે નીરુમાએ એ ભાઈને પૂછ્યું, ''પેલા ભાઈનું કેમેરાનું કામ તેં ઈ લીધું, તો પછી ફરી તે એને બોલાવ્યો ?''

આ ભાઈએ જવાબ આપ્યો, ''ના, નીરુમા.'' નીરુમાએ કહ્યું, ''સત્સંગ થોડો મોડો શરૂ થાય તો આપણને શું ફરક પડે છે ? કોઈની પાસેથી આમ ફટાક દઈને કામ ઉપાડી ના લેવાય. એ ભાઈ નવો હતો. કામ એને ના આવડે એ સ્વાભાવિક છે, તો તારે એને સમજાવવાનું. પણ, આમ એનું કામ લઈને એનું દિલ ના તોડી નખાય.'' પછી તરત એમણે પૂછ્યું, ''આજે પેલા દાદા વખતના મહાત્મા આવ્યા હતા તો કોઈએ એમનો કોન્ટેક્ટ નંબર લીધો ?''

આ સાંભળી એ ભાઈને વિચાર આવ્યો, કે નીરુમાની દૃષ્ટિ એક સાથે કેટલી બધી જગ્યાએ ફરી વળે છે. એક બાજુ ''અસીમ જયજયકાર'' ચાલતા હતા અને નીરુમા બધા મહાત્માને દર્શન આપી રહ્યા હતા. બીજી બાજુ કેમેરા પર શું ચાલી રહ્યું છે તે પણ એમને ખ્યાલ હતો. અને કોઈ જૂના મહાત્મા આવ્યા હતા, એ પણ એમની દૃષ્ટિની બહાર નહોતું.

**નીરુમાની ટકોરની સાથે સાથે બધી જ જગ્યાએ એમનું ધ્યાન રાખવાનું પેલા ભાઈને સ્પર્શી ગયું. આમ, કામ કરતા વ્યક્તિનું દિલ સાચવવાનું મહત્વ વધુ છે તે વાત નીરુમા એ ભાઈને શીખવી ગયા.**









# અડાલજમા Bmht અને Lmht દ્વારા ગણેશચર્તુથીની ઉજવણી.










Akram Express
October 2017
Year : 10, Issue : 2
Conti. Issue No.: 110

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month




Happy Diwali

<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.